ગુજરાત સમાચાર, ગાંધીનગર આવૃત્તિ, પાના નંબર. 02.
તારીખ :- 03/02/2026.



## ઘ-૫ અને ચ-૫ સર્કલ નવા રંગરૂપમાં દેખાશે

# રવિશંકર મહારાજની પ્રતિમાની ફરતે રંગીન ફૂલછોડની હરિયાળી નિખરશે

ગાંધીનગર, શુક્રવાર

શહેરમાં મેટ્રો રેલની કામગીરી પુરી થઈ હોવાથી હવે વધુ જાણીતા એવા ઘ ૫ સર્કલ અને ચ ૫ સર્કલને નવેસરથી વિકસાવાશે. ઘ ૫ સર્કલ પર રવિશંકર મહારાજની પ્રતિમાની ફરતે રંગબેરંગી છોડ વાવીને નવેસરથી ડિઝાઇન ગ્રીલ લગાડવાનું કામ મહાપાલિકાએ શરૂ કર્યું છે. જ્યારે ચ ૫ સર્કલને ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન અથવા ટોરેન્ટ પાવર તરફથી દત્તક લઈને વિકસાવવામાં આવે તેના માટે મંત્રણા ચલાવાઈ રહી છે.

## ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન અથવા ટોરેન્ટ પાવર તરફથી ચ-૫ સર્કલને વિકસાવી આપવામાં આવે તેવી શક્યતા

પાટનગરમાં ૧૪ મુખ્ય માર્ગીના જંક્શન પર આવતા સર્કલ પણ શહેરની ઓળખ બની ચૂક્યાં છે. પરંતુ પાટનગરને અમદાવાદ સાથે જોડતી મેટ્રો રેલની કામગીરી શરૂ થતાં આ સર્કલ કાઢી નાંખવામાં આવ્યા હતાં. જોકે મેટ્રોનું કામ પૂર્ણ થયા પછી બન્ને સર્કલને નવેસરથી વિકસાવી શકાય તેનું આગોતરૂ આયોજન કરવામાં આવ્યુ હતું. તેના અંતર્ગત આ બન્ને સર્કલની જગ્યામાં મેટ્રો બ્રિજનો પિલર ન આવે તેના માટે સ્ટીલના મોટા સ્પાન મુકવામાં આવ્યા હતાં. હવે મેટ્રો રૂટ તૈયાર થઈ ગયો છે અને રોડના રસર્ફેસીંગની કામગીરી પુરી કરવામાં આવ્યા બાદ મેટ્રો દ્વારા રોડની વચ્ચેના ડિવાઈડરની જગ્યામાં વૃક્ષો વાવવાની સાથે પ્રોટેક્શન ગ્રીલ પણ લગાડી દેવાઈ છે. બીજી બાજુ મહાપાલિકા દ્વારા મુખ્ય માર્ગની બન્ને બાજુએ ચેઈન લીંક ઝાળી લગાડીને રક્ષિત વન વિસ્તારમાં વૃક્ષારોપણ શરૂ કરાયું છે. તેની સાથે જ મહાપાલિકા દ્વારા ઘ ૫ સર્કલને વિકસાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. તેમાં રવિશંકર મહારાજની પ્રતિમાની ફરતે રંગબેરંગી ફૂલછોડ વાવવામાં આવ્યા બાદ સર્કલ ફરતે ડિઝાઈનર ગ્રીલ લગાડાશે. જ્યારે ચ ૫ સર્કલને વિકસાવવા માટે ગુજરાત ટુરીઝમ કોપીરેશન અથવા ટોરેન્ટ પાવરને દત્તક આપી દેવા વાટાઘાટો શરૂ કરાઈ છે.